**PERCEPTION MANAGERS**

503 A Rushabh Apts. Veera Desai Rd Andheri West Mumbai-53 Tel-26784640-43 D-26784630

contact@perceptionmanagers.net


**MEDIA COVERAGE**


| | |
|---|---|
| **PUBLICATION:** Mumbai Samachar | **DATE** : Wednesday, August 25, 2010 |
| **EDITION** : Mumbai | **PAGE NO :** 2 |


# મલયેશિયાની પ્રથમ થ્રીડી એનિમેશન ફિલ્મ ભારતમાં

**કેન** ફિલ્મ્સની મલયેશિયાની પ્રથમ થ્રીડી એનિમેશન ફિલ્મ અને કેટલીક એવોર્ડ વિજેતા ફિલ્મ 'ગેંગ-દ એડવેન્ચર બિગીન્સ' ભારતભરમાં ૨૭ ઓગસ્ટે હિન્દીમાં રજૂ થઈ રહી છે. ભારતીય પૃષ્ઠભૂમિ ધરવાતી આ ફિલ્મમાં ભારતીય કેરેકટરો રાજુ, બદ્ધુ, ચેતન સહિત ઉપેટ અને ચુપિન અને આઈપિન શક્તિ ધરાવતા પાત્રો છે.



આ ફિલ્મ મલયેશિયાની બ્લોક બસ્ટર હિટ એનિમેશન ફિલ્મ છે, જેમાં ભારતીય કેરેકટરો છે. તેમાં સાહસકથા છે, જે બાળકો અને મોટેરાં બંનેને આકર્ષશે. ફિલ્મની વાર્તા એક ગેંગના પ્રવાસની કથા છે, જેમાં ગામના પ્રેમભર્યા વાતાવરણમાં તેમની એક્શન અને સાહસના પ્રવાસની કથા છે. તેમાં ગીતો પણ રમૂજી અને હિન્દી છે, જેમાં 'થ્રી ઈડિયટ્સ'ના હિટ ગીત 'ગીવ મી સમ સનશાઈન' ફેમ સૂરજ જગને પણ ગાયું છે.

ફિલ્મ સાઉથ ઈસ્ટ એશિયામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ફોર ચિલ્ડ્રન, ઈન્ડોનેશિયામાં શ્રેષ્ઠ ડિરેકટર, શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મ, શ્રેષ્ઠ શોર્ટ ફિલ્મ (એનિમેઈડ) તથા ૨૨મા મલયેશિયન ફિલ્મ ફેસ્ટિવલના બીજો જ્યુરી ચોઈસ એવોર્ડ ને એમએસસી મલયેશિયા ક્રેસ્ટિક ઈન્ડ એવોર્ડઝના શ્રેષ્ઠ એડિટર અને શ્રેષ્ઠ મ્યુઝિક/સ્કોરનો એવોર્ડ જીત્યા છે. 'ગેંગ' એ પ્રથમ મલયેશિયન ફિલ્મ છે, જે ભારતમાં કમર્શિયલ થિયેટ્રીકલ રીલિઝ થઈ રહી છે. ફિલ્મમાં ચુપિન અને આઈપિનની કથા છે, તેમના મિત્રો સાથે મળીને બાલીપુર નામના ગામમાં એક રહસ્યને ઉકેલે છે. ફિલ્મના નિર્માતા બુરહાનુદીન બિન એમડી રાહઝી છે. ફિલ્મનું નિર્માણ ૨૫ લાખ ડોલરનાં ખર્ચે થયું છે. ■